



આશીર્વાદ : શપથવિધિ ગ્રહણ કરતાં પૂર્વે મંગળવારે વહેલી સવારે પદનામિત મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને તેમના ધર્મપત્ની અંજલીબેન રૂપાણીએ નગરદેવતા પંચદેવ મંદિરે દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યાંથી અક્ષરધામ ખાતે દર્શન કરવા વિજયભાઈ પહોંચ્યા હતા. ત્યાં નીલકંઠવર્ણી અભિષેક કરી સ્વામિનારાયણ ભગવાનના અને પ્રમુખ સ્વામિના આશીર્વાદ પણ મેળવ્યા હતા. જ્યારે શપથવિધિ બાદ સેકટર-૨ ૨ના જૈન અપાશ્રય ખાતે બિરાજમાન મહાસતીજીના દર્શન કરી માંગલિક સાંભળી આશીવર્ચન લઈ સચિવાલય પહોંચ્યા હતા.

# શહેરની હોટલ-રેસ્ટોરન્ટ સહિત ખાણીપીણી બજાર કાર્યકરોથી ઉભરાયા

ગાંધીનગર શહેરમાં સચિવાલય ખાતે આયોજીત મુખ્યમંત્રી અને મંત્રી મંડળના શપથવિધિ સમારોહમાં રાજયના છેવાડાથી હજ્જારો કાર્યકરો આવ્યા હતા. સમારોહમાં આવેલા ભાજપના આગેવાનો, હોદેદારો તેમજ કાર્યકરો સહિત શુભેચ્છકો માટે વિશાળ સામિયાણામાં હળવા નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું.પરંતુ રાજયના દુર-દુરથી આવેલા કાર્યકરો સમારોહ પુરો થતા જ શહેરની હોટલ, રેસ્ટોરન્ટ, ઘ-૫ ચોપાટી, મીનાબજાર, સહિતના ખાણીપીણી બજારમાં ગોઠવાઈ ગયા હતા. જો કે સમારોહને પગલે વેપારીઓએ પહેલેથી જ ડબલ સ્ટોક કર્યો હોવા છતા બપોરે અઢી વાગ્યા સુધીમાં ભોજનનો સ્ટોક ખાલી ખમ થઈ ગયો હતો. જયારે કયાક ગ્રાહકો પાસેથી વધુ નાણા લીધા હોવાની પણ ફરિયાદો ઉઠવા પામી હતી.

ગાંધીનગર શહેરના સચિવાયલ ખાતે આયોજીત શપથ સમારોહને પગલે શહેરની હોટલો, રેસ્ટોરન્ટ, તેમજ ગેસ્ટ હાઉસ સહિતના સ્થળો બે દિવસથી બુક થઈ ગયા હતા. રાજયભરમાંથી મુખ્યમંત્રી, ડે.મુખ્યમંત્રી, મંત્રીઓ તેમજ ધારાસભ્યોના વિસ્તારમાંથી હકડેઠઠ કાર્યકરો શપથવિધી સમારોહમાં ઉમટી પડ્યા હતા. ગાંધીનગર આવવા માટે કેટલાક કાર્યકરો રાત્રીના નીકળ્યા હતા. જયારે સવારે ગાંધીનગર આવી પહોંચ્યા હતા અને ચા-પાણી નાસ્તો કરીને શપથ સમારોહમાં પહોંચી ગયા હતા. જયાં કાર્યકરો માટે તંત્ર દ્વારા હળવા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ સમારોહ પૂર્ણ થતા જ કાર્યકરો શહેરની આસપાસની હોટલ, રેસ્ટોરન્ટ તેમજ મીનાબજાર, ઘ-૫ ચોપાટી સહિત સેકટર-૧૧ માં આવેલ ખાણીપીણીની લારીઓ પર જમવા માટે ભારે ભીડ જોવા મળી હતી.જયારે હોટલ અને રેસ્ટોરન્ટમાં લાબા વેંઈટીગ ચાલતા હતા. ગ્રાહકોના ધસારાને પગલે વેપારીઓએ અગાઉથી જ ડબલ સ્ટોક કરી રાખ્યો હતો પરંતુ ગ્રાહકના ધસારાને પગલે બપોર સુધીમાં તમામ ખાણીપીણી બજારના પાટીયા પડી ગયા હતા. જયારે કયાક જમવાનું બરાબર ન હોતું તો કયાંક વધુ રૂપીયા વેપારીઓએ ખંખેરી લીધા હોવાનું પણ કાર્યકરોમાં ચર્ચાતું હતું.

## શપથવિધિની આસપાસ...

- શપથવિધિ સમારોહનો પ્રારંભ ઓસમાણ મીરના 'મન મોર બની થનગાટ કરે...'ના લાઈવ પરફોર્મન્સથી થયો હતો.
- એસમાણ મીરને ફરીદા મીરે સાથ આપ્યો હતો. ત્યારબાદ પાર્થિવ ગોહિલે ગુણવંતી ગુજરાત ગીતથી બાજી સંભાળી હતી.
- સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ ગાયકો સાથે મંચ પર સતત ઉપસ્થિત રહ્યા હતા અને કિ બોર્ડ પ્લે પર પણ હાથ અજમાવ્યો હતો.
- શપથવિધિ શરૂ થાય તે પહેલા રાજયપાલના બેન્ડે રિહર્સલ માટે રાષ્ટ્રગીતની ધૂન વગાડતા કેટલાક સંતો સમજી ના શકતા ઉભા થયા નહોતા.
- સમારોહ સ્થળે પોર્ટેબલ મોબાઈલ ટાવરની સુવિધા ના કરાઈ હોવાથી નેટવર્ક જામની પરિસ્થિતિ સર્જાઈ હતી.
- વડાપ્રધાન, મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રી સાધુ-સંતોના સ્ટેજ પર આશીર્વાદ લેવા પહોંચ્યા ત્યારે સંતોએ તેમનું શાલ, ખેસ અને સાફા વગેરેની ભેટ આપી આર્શીવાદ આપ્યા હતા.
- કેટલાક સંતો તથા તેમના સાથે આવેલા શિષ્યો વડાપ્રધાન મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રી વગેરે સાથે 'સેલ્ફી' લેવાની લાલચ રોકી શકયા નહોતા.
- નેતાઓ સંતોને પ્રણામ કરતા હતા ત્યારે સંતોના મદદનીશો નેતાઓને પગે લાગતા જોવા મળ્યા હતા.
- બેઠક વ્યવસ્થામાં ભારે અવ્યવસ્થા સર્જાઈ હતી જેના કારણે અનેક ઠેકાણે ભાજપના અગ્રણીઓ, કાર્યકરોને પોલિસ સાથે ઘર્ષણ અને શાબ્દિક બોલાચાલી થઈ હતી.
- પૂર્વ ગૃહમંત્રી ગોરધન ઝડફીયા, પૂર્વ આરોગ્ય મંત્રી જયનારાયણ વ્યાસ, તાજેતરમાં ભાજપમાં જોડાયેલા પાસ નેતા વરૂણ પટેલ સહિત અનેક પૂર્વમંત્રીઓ અને ધારાસભ્યોને પણ બેસવા માટે જગ્યા નહોતી મળી શકી.
- ટોયલેટ માટેની વ્યવસ્થા સમારોહ સંકુલની બહાર હોવાથી તે માટે બહાર જનારને ફરી એન્ટ્રી વખતે સુરક્ષાકર્મી સાથે ભારે માથાકૂટનો સામનો કરવો પડયો હતો.
- સમારોહ સ્થળે મહિલા-પુરુષ તમામ માટે ટોયલેટ વાનની વ્યવસ્થા એક જ હોવાથી તેમાં પણ લાઈન લાગી હતી.
- મુખ્ય સચિવ જે.એન. સીંઘ શપથ લેવા માટે આમંત્રિત કરતી વખતે મંત્રીની અટક પહેલા ઉચ્ચારતા હતા જયારે મંત્રી પોતાના શપથમાં નામ બોલતી વખતે અટક છેલ્લી બોલતા હતા.
- એડિશનલ ડીજી ગોંડિયા સાહેબ તથા અસારવાના ધારાસભ્ય જેવા અનેક મહાનુભાવોને બેસવા પત્રકારોએ પોતાની જગ્યા ખાલી કરી આપી હતી.
- પ્રિન્ટ મિડિયાના પત્રકારોને કવરેજ માટે મુખ્ય સ્ટેજના બદલે અન્ય સ્ટેજની સામેની જગ્યા અપાતા નારાજગી ફેલાઈ હતી.
- સમગ્ર શપથવિધિ કાર્યક્રમ ગુજરાતી ભાષામાં જ ચાલ્યો હતો અને તમામ મંત્રીઓએ ઈશ્વરના નામે સોગંધ લીધા હતા, જો કે સોગંધ વિધિમાં ભગવદ ગીતાના પુસ્તકની ગેરહાજરી જણાઈ હતી.
- શપથવિધિ પત્યા બાદ નાસ્તાના પેકેટસ મેળવવા બહારગામથી આવેલા કાર્યકરોએ કાઉન્ટર્સ પર પડાપડી કરી હતી.
- નાસ્તાના પેકેટસ લેવા કેટલાક કાર્યકરોએ આડશ માટે મુકાયેલા પડદા સુધ્ધાં ફાડી નાંખ્યા હતા જયારે કેટલાક એક સાથે ૧૫-૨૦ પેકેટસ લઈ જતા પણ જોવાયા હતા.
- શપથવિધિમાં પધારનાર વિવિધ રાજયોના મુખ્યમંત્રીઓ સહિતના મહેમાનોનો પ્રોટોકોલ સાચવવા તંત્રએ આખી રાત ઉજાગરો કરી મહેનત કરી હતી.

# ગાંધીનગર જિલ્લામાં ૨૪ કલાકમાં હત્યાના બે બનાવો

### કલોલના બોરીસણા રોડ પર બાઈક સર્વિસના રૂપિયાની લેતી-દેતીમાં યુવાનની હત્યા : માણસાના પડુસ્મામાં માતા-પુત્રએ મળીને એક મહિલાને કેરોસીન છાંટી સળગાવી મારી

ગાંધીનગર, તા. ૨૬

જિલ્લામાં ગઈ સાંજથી આજે સાંજ સુધીના ૨૪ કલાકના સમયગાળામાં હત્યાના બબ્બે ચકચારી બનાવો બનવા પામ્યા છે. કલોલ તાલુકાના બોરીસણા રોડ પર બાઈક સર્વિસ કર્યાના રૂપિયાની લેતી-દેતીમાં ઉશ્કેરાઈ ગયેલા પિતા-પુત્ર વેપારીએ એક યુવાન કરપીણ હત્યા કરી નાંખી છે. કલોલ પોલીસે બંને આરોપી પિતા-પુત્રની અટકાયત પણ કરી લીધી છે. તો બીજી તરફ માણસાના પડુસ્મા ગામે પતિનો પીછો છોડી દેવા સમજાવવા ગયેલી એક મહિલાને ગામની જ મહિલા તથા તેના પુત્રએ માર મારીને કેરોસીન છાંટી સળગાવી દઈ મોતને ઘાટ ઉતારી મુકતા ચકચાર મચી ગઈ છે. માણસા પોલીસે આ



ઘટનાની તપાસ શરૂ કરી છે.

મળતી વિગતો અનુસાર કલોલ તાલુકાના બોરીસણા રોડ ઉપર આવેલા વ્હાઈટ હાઉસ શોપીંગ સેન્ટર પાસે ચાની કીટલી ધરાવતા ૨૦ વર્ષીય યુવાન નિતેશ હિંમતભાઈ પુરોહિતે બાજુમાં આવેલી બાઈક રીપેરીંગની ગેરેજમાં પોતાનું બાઈક સર્વિસ કરાવ્યું હતું. ગેરેજ માલીક મુકેશ લાલજી યોગી અને કુલદીપ મુકેશ યોગી બંને પિતા-પુત્ર સાથે નિતેશની સાથે આજે સાંજે બોલાચાલી થઈ ગઈ હતી.

બાઈક સર્વિસના અંદાજે ૨ હજાર રૂપિયાની લેતીદેતીના મામલે બોલાચાલી બાદ ગેરેજ માલીક પિતા-પુત્રએ મળી છુરી જેવા તિક્ષ્ણ હથિયારનો ઘા ઝીંકી નિતેશની હત્યા કરી નાંખી હતી. કલોલ પોલીસે હત્યા અંગે ગુનો દાખલ કરી બંને આરોપીની ધરપકડ કરી લઈ પુછતાછ શરૂ કરી છે. તો બીજી તરફ માણસા તાલુકાના પડુસ્મા ગામે રહેતા લક્ષ્મીબેન રબારીને તેમના પતિના આડા સંબંધો ગામની જ મહિલા રાજીબેન સાથે હોવાની જાણ થઈ હતી. ગઈ સાંજે પતિને સમજાવવા પ્રયત્ન કર્યા બાદ પતિમની કથિત પ્રેમિકાને સમજાવવા માટે રાજીબેનના ઘરે જઈ પોતાના પતિને છોડી દેવાની વાત કરી હતી. આ વાત થતા જ રાજીબેને તેના પુત્ર સાથે મળીને મારઝુડ કરી રસોડામાંથી કેરોસીન લાવી લક્ષ્મીબેન ઉપર છાંટી દીધુંહતું. તેના પુત્ર રમેશે દિવાસળી ચાંપી દઈ સળગાવી દીધી હતી. ગંભીર હાલતમાં દાખલ કરાયેલી લક્ષ્મીબેનનું આજે સવારે સારવાર દરમિયાન પ્રાણપંખેરું ઉડી જતા માણસા પોલીસે માતા-પુત્ર સામે હત્યાનો ગુનો નોંધી ઝીણવટીભરી તપાસ શરૂ કરી છે.



### સે-૩૦ ગુરુદ્વારા ખાતે ગુરૂ ગોંવિદસીંગની જન્મ જયંતિની ઉજવણી કરાઈ

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ ખાતે આવેલ ગુરુદ્વારામાં શીખ ધર્મના ૧૦માં ગુરુ શ્રી ગોંવિદસીંગજીના ૩૫૧માં જન્મની ઉલ્લાસપૂર્વક ઉઝવણી કરવામાં આવી હતી. જેમાં સવારથી બપોર સુધી ભજન-કિર્તન, પાર્થના, અને ભકિત વંદના કરવામાં આવી હતી. આ પ્રસંગે શીખ સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. જયારે તા. ૨૬ ના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન ફિઝીયોથેરાપી કેમ્પ રાખવામાં આવેલ છે જેનો લાભ લેવા સૌ નાગરીકોને શીખ સંગત તરફથી અનુરોધ કરવામાં આવ્યો છે.

# સેકટર-૨૩માં શાળાએ જતી કિશોરીને છેડતો યુવક ઝડપાયો

### ચારમાંથી ત્રણ યુવાનો ભાગી છુટવામાં સફળ : વાલીઓએ એકઠા મળી મેથીપાક ચખાડી પોલીસને હવાલે કર્યો

ગાંધીનગર, તા. ૨૬

મહિલા સુરક્ષા અને કફર્યુ મુક્તિ જેવી બાબતો પોરસાતા ભાજપ શાસિત ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં જ હવે દિકરીઓની સરેઆમ છેડતીના બનાવો બની રહ્યાં છે જે સંસ્કારનગરી થવા થનગની રહેલ આ શહેર માટે લાંછનરૂપ છે. શહેરના સેકટર-૨૩ના શૈક્ષણિક સંકુલની આસપાસમાં આ પ્રકારે કિશોરીઓને છેડતા એક રોડ રોમિયોને પોલીસે આજે ઝડપી લીધો છે. જ્યારે બાકીના ત્રણ ભાગી છૂટ્યાં હતા, જેની શોધખોળ પોલીસ કરી રહી છે.

સમગ્ર ઘટનાની વિગતો એવી છે કે ધોરણ-૯માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિની જેના પિતા વર્ષો પહેલા અવસાન પામેલા છે તેને કેટલાક દિવસથી શાળાએ જવામાં રૂચિ રહી નહોતી પરંતુ તેની માતાને તે કંઈ કહેતી નહોતી. છેવટે કિશોરીના મામાએ ભાણીને પ્રેમથી પૂછપરછ કરતા તેણીએ સ્કૂલના રસ્તે કેટલાક લંપટ છોકરાઓ હેરાન કરતા હોવાનું જણાવ્યું હતું. આ સાંભળી તેના મામાએ તપાસ કરી અન્ય વિદ્યાર્થીઓના વાલીઓ જેઓની દિકરીઓ પણ આ પ્રકારની સતામણીથી પરેશાન હતી તેમને એકત્ર કરી રસ્તામાં ઉભા રહ્યા હતા. આ દરમિયાન બાળાો જ્યારે સ્કુલે જઈ રહી હતી ત્યારે ચાર યુવકોએ બાઈકો સાથે આવી ઘેરી તેમની આસપાસ તથા પગ પાસેથી બાઈક ચલાવી છેડતી કરવાનું ચાલુ કર્યું હતું. આ સમયે વાલીઓએ એકઠાં થઈ આ યુવાનોને ઝબ્બે કર્યા હતા. જેમાં સ્થાનિક નાગરિકોનો પણ સાથ મળ્યો અને બધાએ આ યુવકોને પહેલા મેથીપાક ચખાડ્યો હતો. જોકે આ ધમાલમાં ત્રણ યુવાનો ભાગી છુટવામાં સફળ રહ્યાં હતા અને એક મુખ્ય યુવાનને પકડી વાલીઓએ તેના પલ્સર બાઈક સાથે પોલીસને હવાલે કર્યો હતો.

પોલીસે આ યુવાનના અટકાયતી પગલાં લઈ તેના અન્ય સાથીદારો અંગે પૂછપરછ હાથ ધરી હતી. પરંતુ એક રીઢા ગુનેગારની જેમ 'હું તેમને ઓળખતો નથી' તેવું રટણ આ યુવાન કરી રહ્યો છે જેથી પોલીસે ભાગી છુટેલા યુવાનોને ઝડપવા સઘન તપાસ હાથ ધરી છે.



### ચિલોડા ખાતે ઉનાવા - ગાંધીનગર યુનિટના સદ્ગત હોમગાર્ડસ સભ્યોને મરણોત્તર સહાય ચેકો અર્પણ

ગાંધીનગર જિલ્લાના ચિલોડા સેવા કેન્દ્રના હોલમાં તાજેતરમાં નવનિયુક્ત જિલ્લા કમાન્ડર તરીકે વી.આર. પ્રજાપતિનો સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ઉનાવા યુનિટના હોમગાર્ડઝ સભ્યો હિતેશભાઈ રમેશભાઈ પ્રજાપતિના વારસદાર પિતા રમેશભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિને રૂા. ૭૭,૫૦૦ ની રકમની ચેક તથા ઉનાવા યુનિટના હોમગાર્ડઝ સભ્યો તરફથી એક દિવસનું ફરજ ભથ્થુ એકત્રિત કરી સ્વ. હિતેશકુમાર પ્રજાપતિના વારસદાર રમેશભાઈ પ્રજાપતિને રોકડા રૂા. ૧૯૭૬૦ ઑફિસર ઈન્ચાર્જ રમણજી ઠાકોરના હસ્તે અર્પણ કર્યો હતો. આ ઉપરાંત ગાંધીનગર યુનિટના હોમગાર્ડઝ સભ્ય સ્વ. કિર્તિકુમાર બાબુભાઈ નાયકના વારસદાર પત્ની ગં. સ્વ. છાયાબેન કીર્તિકુમાર નાયકને હોમગાર્ડઝ વેલ્ફેર ફંડમાંથી અવસાન સહાયરુપે રૂા. ૭૭,૫૦૦નો ચેક જિલ્લા કમાન્ડટન્ટ વી. આર. પ્રજાપતિ અને રાજયોગિની કૈલાસ દીદીના હસ્તે અર્પણ કર્યો હતો.

# અમદાવાદમાં સાયન્સ સિટીમાં ૨૫મી નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૬

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી આવતીકાલ બુધવાર તા.૨૭ ડિસેમ્બરે બપોરે અમદાવાદના સાયન્સ સિટીમાં ૨૫મી નેશનલ ચીલ્ડ્રન સાયન્સ કોંગ્રેસનો પ્રારંભ કરાવશે.

વિજયભાઇ રૂપાણીએ મુખ્યમંત્રીનો પદભાર સંભાળ્યા પછીના પ્રથમ જાહેર કાર્યક્રમમાં બાળ વૈજ્ઞાનિક વિદ્યાર્થીઓને પ્રોત્સાહન-પ્રેરણા આપવા ઉપસ્થિત રહેવાનો પહેલરૂપ અભિગમ અપનાવ્યો છે.

તા. ૨૭ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી સાયન્સ સિટી પરિસરમાં યોજાઇ રહેલી આ ૨૫મી ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ સાતત્યપૂર્ણ વિકાસ સાથે દિવ્યાંગ વ્યકિતઓને વિશેષતઃ વિજ્ઞાન-ટેકનોલોજી અને ઈનોવેશન્સના લાભ પહોચાડવાની મુખ્ય વિષય વસ્તુ સાથે યોજાવાની છે.

આ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસમાં આ વર્ષે એશિયન રાષ્ટ્રોના ૫૦ બાળ વિદ્યાર્થીઓ અને શિક્ષકો ભાગ લેવાના છે.

અત્રે એ નિર્દેશ કરવો આવશ્યક છે કે, નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસની અત્યાર સુધી યોજાયેલી ૨૪ શૃંખલાઓમાં વિવિધ ૧૩ વિષય વસ્તુઓ પર ફોકસ કરવામાં આવ્યું છે જેમાં પર્યાવરણ, પોષણ, કલીન અપ ઈન્ડીયા, જળસંશાધન, જૈવિક વિવિધતા, જમીન સંશાધનો, ઊર્જા તેમજ કલાયમેટ ચેન્જ જેવા વિષયોમાં બાળ વૈજ્ઞાનિકોએ ઈનોવેટીવ પ્રોજેકટસ અને નાવિન્યપૂર્ણ સંશોધનો સફળતાપૂર્વક રજૂ કર્યા છે.

# કુડાસણની કરોડોની જમીન પચાવી પાડવા જમીન દલાલે કારસો રચ્યો...!

### જમીન માલિકના પરિવારના સભ્યોના બોગસ ચૂંટણી કાર્ડ અને પાન કાર્ડ પણ બનાવી દીધા ને જમીનમાં ડખો ઉભો કરવાની ફીરાકમાં હતો : જમીન દલાલ અને બોગસ કાર્ડ બનાવનાર ત્રણ શખ્સો પણ પોલીસના સકંજામાં

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક આવેલી કુડાસણ ખાતેની કરોડોની જમીન પર નજર બગાડી સરગાસણના એક જમીન દલાલે આ જમીન પચાવી પાડવાનો કારસો રચી નાંખ્યો હતો. જમીન માલિકના ઘરે તેમના પરીવારના સભ્યોના પાનકાર્ડ આવતા તેઓ ચોંકી ગયા અને સમગ્ર ઘટનાનો ભાંડો ફુટયો હતો. ઈન્ફોસીટી પોલિસે જમીન માલિકે તેના ઘરે આવેલા પાનકાર્ડ અંગેની ફરિયાદ કરતા ઉંડાણપૂર્વક તપાસ કરી પોલિસ જમીન હડપ કરવાનો કારસો ઘડનાર જમીન દલાલ સુધી પહોંચી ગઈ હતી અને તેની તથા આ ઓળખકાર્ડ બનાવી આપનાર અન્ય ત્રણ શખ્સોની ધરપકડ કરી લઈ કૌભાંડ થાય તે પહેલા જ જમીન બચાવી લીધી છે.

મળતી માહિતી મુજબ કુડાસણ ખાતે રહેતા પ્રકાશભાઈ બી. પટેલે પોતે અરજી ન કરી હોવા છતાં તેમના ઘરે આવેલા પાનકાર્ડ બાબતને ગંભીરતાથી લઈ જિલ્લા પોલિસ અધિક્ષકને જાણ કરી હતી કે કદાચ કોઈ શખ્સે તેમની જમીન પડાવવા આ કૃત્ય કર્યુ હોય! આ શંકા આધારે ઈન્ફોસીટી પોલીસે આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮ અને ૧૨૦ (બી)નો ગુનો નોંધ્યો હતો. પીએસઆઈ આર.કે.ચૌહાણે બોગસ ચૂંટણી કાર્ડ અને પાનકાર્ડ બનાવનાર શખ્સને શોધી કાઢયો! સરગાસણ ખાતે પ્રમુખ બ્લીચ ખાતે રહેતા અને જમીન દલાલીનો ધંધો કરતા સંતોષ કચરા રાવળે આ કાંડ કર્યો હતો તેની ધરપકડ કરી પુછપરછ કરતા બહાર આવ્યું કે પ્રકાશભાઈ પટેલના બહેન સોનલબેન પટેલની કરોડોની કુડાસણની જમીન પચાવવી હતી. સોનલબેન બળદેવભાઈના નામનું ભળતું નામ મતદાર યાદીમાંથી ઓનલાઈન શોધી કાઢીને ફોટો બદલીને બોગસ ઈલેકશન કાર્ડ બનાવી તેને લેમીનેશન કરાવી તેની ઝેરોક્ષ કોપીઓ તથા પ્રકાશભાઈના જમીનના સાત બારના ઉતારા કઢાવી કોઈ જી માફીયા મારફતે આ જમીન ઉપર કોઈ બોજો નાખવા કે બાનાખત કરી વેચાણ કરવા જમીન દલાલ ફરતો હતો. આ દરમિયાન સરગાસણથી તેને દબોચી લેવામાં આવ્યો છે. અગાઉ ડભોડા પોલિસ સ્ટેશનમાં પણ આ શખ્સ સામે ખેડુતોની જાણ બાદ દેના ગ્રામીણ બેંકના મેનેજર સાથે મળીને લાખોની લોન લઈ ચીટીંગ કરી હોવાની ફરિયાદ થયેલી છે જેમાં આ શખ્સ વોન્ટેડ છે.

ઈન્ફોસીટી પોલીસે પ્રકાશભાઈ તથા તેમના પરિવારના સભ્યોના ખોટા ઓળખ કાર્ડ બનાવનાર મુકેશ દીનાનાથ ગોસ્વામી, બાથા ઉર્ફે રાજુ વરસંગ ભરવાડ અને દિપક દેવેન્દ્ર પારેખની પણ ધરપકડ કરી લઈ રિમાન્ડ પર લીધા છે.